વડોદરા, અમદાવાદ, સુરત, મુંબઇ અને રાજકોટથી પ્રકાશિત

# દિવ્ય ભાસ્કર

તમારી મરજીનું અખબાર

03/05/26

સિટી એન્કર

બંને મહિલા ક્રિકેટર દબાણ વખતે નિયંત્રિત રમત અને ટેક્નિક દ્વારા શ્રેષ્ઠ પ્રદર્શન કરે છે

## રાધા યાદવ અને યાસ્તિકા ભાટિયાના સતત ઓલરાઉન્ડ પ્રદર્શનનું પરિણામ, મહિલા ટી-20 ક્રિકેટ વર્લ્ડ કપ માટે ભારતીય ટીમમાં પસંદગી

સ્પોર્ટ્સ રિપોર્ટર | વડોદરા

મહિલા ક્રિકેટ ખેલાડી રાધા યાદવ અને યાસ્તિકા ભાટિયાનો આઈસીસી મહિલા ટી20 વર્લ્ડ કપ-2026 માટે ભારતીય ટીમમાં સમાવેશ કરાયો છે. બંને મહિલા ક્રિકેટરના ઓલરાઉન્ડર પ્રદર્શનને કારણે તેમની પસંદગી થઈ હોવાનું બરોડા ક્રિકેટ એસોસિયેશને જણાવ્યું હતું.

બીસીએએ કહ્યું કે, રાધા યાદવ મેચ-વિનર તરીકે જાણીતી છે, જેની સ્પર્ધાત્મક ભાવના અને



ઓલરાઉન્ડ પ્રભાવ દ્વારા તેઓ આંતરરાષ્ટ્રીય મંચ પર વડોદરાનું ગૌરવ વધારી રહ્યાં છે. જ્યારે યાસ્તિકા ભાટિયા માટે ખાસ નોંધ લેવાની છે, જેમની પસંદગી ઈજા બાદના નોંધપાત્ર કમબેકને દર્શાવે છે. તેની વાપસી ગૌરવની ક્ષણ છે.

બીસીએની ક્રિકેટ એડ્વાઈઝરી કમિટીના અધ્યક્ષ કિરણ મોરેએ જણાવ્યું હતું કે, સર્વોચ્ચ સ્તરે સતત પ્રદર્શન અને મજબૂત મનોબળ જ ખેલાડીઓને અલગ પાડે છે. રાધાનું દબાણમાં નિયંત્રણ અને યાસ્તિકાની ટેક્નિક તથા શાંતિપૂર્ણ રમત તેમને ભારતીય ટીમ માટે અમૂલ્ય બનાવે છે. તેમની પસંદગી તેમની ક્રિકેટિંગ ગુણવત્તાનું સીધું પ્રતિબિંબ છે. બરોડા ક્રિકેટ એસોસિયેશન બંને ખેલાડીઓને ટુર્નામેન્ટ માટે શુભેચ્છા પાઠવે છે.

### યાસ્તિકા ભાટિયાનું ઈજા પછીનું કમબેક વિશેષ છે

રાધા અને યાસ્તિકા બરોડા ક્રિકેટનાં શ્રેષ્ઠ મૂલ્યો, ઉત્તમતા, સતતતા અને વ્યક્તિત્વનું પ્રતિનિધિત્વ કરે છે. તેમની ભારતીય ટીમમાં સતત હાજરી તેમની ઉચ્ચ કક્ષાની કામગીરીનું પ્રતિબિંબ છે અને યાસ્તિકાનું ઈજા પછીનું કમબેક આ સિદ્ધિને વધુ વિશેષ બનાવે છે. » **પ્રણવ અમીન,** પ્રમુખ, બરોડા ક્રિકેટ એસોસિયેશન

### બંને ખેલાડી બરોડા ક્રિકેટની ભાવના પ્રતિબિંબિત કરે છે

અમે રાધા અને યાસ્તિકા પર ગર્વ અનુભવી રહ્યા છીએ, જે સતત ભારતીય ટીમનો મહત્વપૂર્ણ ભાગ રહ્યા છે. ખાસ કરીને યાસ્તિકાનું ઈજા પછીનું મજબૂત કમબેક ખૂબ પ્રશંસનીય છે. બંને ખેલાડીઓ બરોડા ક્રિકેટની ભાવના અને સ્તરને પ્રતિબિંબિત કરે છે. બીસીએ તેમને સહયોગ આપવા તૈયાર છે. » **સ્નેહલ પરીખ,** સીઈઓ, બરોડા ક્રિકેટ એસોસિયેશન

# ગુજરાત સમાચાર

03/05/26

આઈસીસી મહિલા ટી૨૦ વર્લ્ડ કપ માટે

## રાધા યાદવ અને યાસ્તિકા ભાટિયાની ટીમમાં પસંદગી

(પ્રતિનિધિદ્વારા) વડોદરા,રવિવાર

વડોદરાની રાધા યાદવ અને યાસ્તિકા ભાટિયાને આઈસીસી મહિલા ટી ૨૦ વર્લ્ડ કપ માટે ભારતીય મહિલા ક્રિકેટ ટીમમાં સ્થાન મળ્યું છે.

રાધા યાદવ અને યાસ્તિકા ભાટિયા બંને લાંબા સમયથી ભારતીય મહિલા ક્રિકેટ ટીમના મહત્ત્વપૂર્ણ ખેલાડી રહ્યા છે. રાધા યાદવ એક મજબૂત મેચ-વિનર તરીકે જાણીતાં છે. ઓલરાઉન્ડ પ્રદર્શનની ક્ષમતા તેને આંતરરાષ્ટ્રીય મંચ પર અલગ ઓળખ અપાવે છે. યાસ્તિકા ભાટિયાએ ઈજા બાદ કમબેક કર્યું છે. બરોડા ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ પ્રણવ અમીને કહ્યું કે રાધા અને યાસ્તિકા બરોડા ક્રિકેટના શ્રેષ્ઠ મૂલ્યોનું પ્રતિનિધિત્વ કરે છે. તેમની પસંદગી તેમની પ્રતિભા અને મહેનતનું પ્રતિબિંબ છે.

સંદેશ
સમૃદ્ધિમાન ગુજરાતી

03/05/26

વડોદરા અને બરોડા ક્રિકેટ એસો. માટે વધુ એક ગૌરવની વાત

# રાધા યાદવ અને યાસ્તિકા ભાટિયાની ICC મહિલા ટી૨૦ વર્લ્ડ કપ માટે પસંદગી

## ઈજા બાદ કમબેક કરનાર યાસ્તિકા ભાટીયાના પ્રદર્શન પર સૌની નજર રહેશે

| વડોદરા |

વડોદરા અને બરોડા ક્રિકેટ એસોસિએશન માટે અત્યંત ગૌરવની વાત છે. BCAના ખેલાડીઓ રાધા યાદવ અને યાસ્તિકા ભાટીયાની ICC મહિલા ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ માટે ભારતીય ટીમમા પસંદગી થઈ છે.

રાધા યાદવ એક મેચ-વિનર તરીકે જાણીતી છે. જેમની સ્પર્ધાત્મક ભાવના અને ઓલરાઉન્ડ પ્રભાવ દ્વારા તેઓ સતત આંતરરાષ્ટ્રીય મંચ પર બરોડાનું ગૌરવ વધારી રહ્યા છે. યાસ્તિકા ભાટિયા માટે આ ટૂર્નામેન્ટ એક મહત્વની છે કેમ કે, ઈજા બાદના કમબેક ઉપર સૌની નજર રહેશે. BCAના પ્રમુખ પ્રણવ અમીનએ જણાવ્યું હતું કે, "રાધા અને યાસ્તિકા બરોડા ક્રિકેટના શ્રેષ્ઠ મૂલ્યો-




ઉત્તમતા, સતતતા અને વ્યક્તિત્વનું પ્રતિનિધિત્વ કરે છે. તેમની ભારતીય ટીમમાં સતત હાજરી તેમની ઉચ્ચ કક્ષાની કામગીરીનું પ્રતિબિંબ છે અને યાસ્તિકાનું ઈજા પછીનું કમબેક આ સિદ્ધિને વધુ વિશેષ બનાવે છે." જ્યારે BCAના CEO સ્નેહલ પરીખએ ઉમેર્યું હતું કે, "અમે રાધા અને યાસ્તિકા પર અત્યંત ગર્વ અનુભવી રહ્યા છીએ, જે સતત ભારતીય ટીમનો મહત્વપૂર્ણ ભાગ રહ્યા છે. ખાસ કરીને યાસ્તિકાનું ઈજા પછીનું મજબૂત કમબેક ખૂબ પ્રશંસનીય છે. બંને ખેલાડીઓ બરોડા ક્રિકેટની ભાવના અને સ્તરને પ્રતિબિંબિત કરે છે. BCAના ક્રિકેટ એડ્વાઈઝરી કમિટીના અધ્યક્ષ કિરણ મોરેએ જણાવ્યું હતું કે, "સર્વોચ્ચ સ્તરે સતત પ્રદર્શન અને મજબૂત મનોબળ જ ખેલાડીઓને અલગ પાડે છે. રાધાનું દબાણમાં નિયંત્રણ અને યાસ્તિકાની ટેક્નિક તથા શાંતિપૂર્ણ રમત તેમને ભારતીય ટીમ માટે અમૂલ્ય બનાવે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાધા યાદવે વર્લ્ડકપમાં શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું. આઈસીસી વિમેન્સ વર્લ્ડકપમાં વડોદરાની ઓલ રાઉન્ડર રાધા યાદવે બેટિંગ, બોલિંગ અને ફિલ્ડીંગથી શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું. આ ઉપરાંત WPLમાં પણ તેનું પ્રદર્શન આકર્ષણનું કેન્દ્ર રહ્યું હતું. નોંધનીય છે કે, વર્લ્ડકપ પહેલાં યાસ્તિકા ભાટિયા ઈજાગ્રસ્ત થઈ હતી. જેનાં કારણે તે વર્લ્ડ કપમાં ભાગ લઈ શકી ન હતી. પરંતુ હવે તે સંપૂર્ણ ફિટ થતાં ટીમ ઈન્ડિયામાં કમબેક કર્યું છે.